ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી હેઠળ મંજુર થયેલ વેટરનરી ડોક્ટર અને પ્રોજેક્ટ એસોસીયેટની તદ્દન હંગામી ધોરણે (કરાર આધારિત) જગ્યા ભરવા માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ નીચે જણાવેલ માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે. શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોનો ઈન્ટરવ્યુ ૨૦/૦૧/૨૦૨૫ના રોજ થશે.

| ક્રમ | જગ્યાનું નામ તથા સંખ્યા | લઘુતમ લાયકાત | માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | વેટરનરી ડોક્ટર – ૦૧ | ઈન્ડીયન વેટરનરી કાઉન્સીલ એક્ટ ૧૯૮૪ ના શીડયુલ ૧ અથવા ૨ માંથી માન્ય યુનિવર્સીટી અથવા માન્ય પશુ સંસ્થા દ્વારા મેળવેલ પશુ ચિકિત્સકની લાયકાત ધરાવતા હોવા જોઈએ અને ઈન્ડીયન વેટરનરી કાઉન્સીલ એક્ટ ૧૯૮૪ હેઠળ સંકળાયેલ ગુજરાત વેટરનરી કાઉન્સીલ અથવા ઈન્ડીયન વેટરનરી કાઉન્સીલમાં રજીસ્ટર થયેલ હોવા જોઈએ. | રૂ.૫૫,૦૦૦/- (ફિક્સ) |
| ૨ | પ્રોજેક્ટ એસોસીએટ – ૦૧ | માસ્ટર ડીગ્રી ઈન ઝુલોજી/ વાઈલ્ડલાઈફ બાયોલોજી/વાઈલ્ડલાઈફ સાયન્સ/કન્ઝર્વેશન બાયોલોજી/એન્વાયરમેન્ટલ સાયન્સ /ઈકોલોજી/બોટની/ફોરેસ્ટ્રી અથવા અન્ય સંબંધીત વિષય | રૂ.૩૬,૦૫૦/- (ફિક્સ) |

ડીઝાઈરેબલ: (પોસ્ટ-૨) પ્રોજેક્ટ પ્રપોઝલ તેમજ ટેકનીકલ રીપોર્ટ ડ્રાફટીંગ અંગે જાણકારી, ડેટા મોનીટરીંગ, ડેટા કમ્પાઈલેશન તેમજ ડેટા ઈન્ટરપ્રિટેશનની જાણકારી, ડેટા એનાલીસીસ માટે બેઝીક જાણકારી.

(૧) ઉમેદવારોએ dcfwildlife@gmail.com પર જરૂરી દસ્તાવેજો (માર્કશીટ, ડિગ્રી પ્રમાણપત્રો, અનુભવ પ્રમાણપત્રો; GVC/VCI રજીસ્ટ્રેશન (વેટરનરી ડોક્ટર માટે), પીડીએફ ફોર્મેટમાં) સાથે ૧૭/૦૧/૨૦૨૫; ૧૮:૦૦ કલાક પહેલા ઓનલાઇન અરજી સબમિટ કરવાની રહેશે. સહાયક દસ્તાવેજો વિનાની અપૂરી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. શોર્ટલીસ્ટ કરવામાં આવેલ ઉમેદવારોને જાણ કરવામા આવશે અને ઇન્ટરવ્યુ માટે બોલાવવામા આવશે. (૨) આ જગ્યા કરાર આધારિત તદન હંગામી ધોરણે તા.૨૫/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી ભરવાની છે. જે જરૂરિયાત જણાશે તો પરસ્પર સમજુતીથી વધારી શકાશે. (૩) અન્ય કોઇ પણ પ્રકારના ભથ્થા મળવાપાત્ર રહેશે નહિં. (૪) નિયમ મુજબના વેરા ચુકવણાંની રકમમાંથી કપાત કરવામાં આવશે. (૫) ઉમેદવારે સ્વખર્ચે ઇન્ટરવ્યુમાં આવવાનું રહેશે. (૬) પસંદગી અગાઉ તેમની કામગીરીના અનુભવને ધ્યાને રાખી પ્રાધાન્ય આપવામાં આવશે. (૭) કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. (૮) અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવુ જરૂરી છે. (૯) પસંદગી પામેલ ઉમેદવારે મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ તથા નાયબ વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીરના પરામર્શમાં રહી ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર અભયારણ્ય, બૃહદગીર વિસ્તાર તથા અન્ય રેવન્યુ વિસ્તારમાં કામગીરી કરવાની રહેશે. (૧૦) ઉમેદવારે ઓરીજનલ ડોકયુમેન્ટ તેમજ તમામ ડોકયુમેન્ટની એક ઝેરોક્ષ કોપી તથા પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે લાવવાનો રહેશે.

વયમર્યાદા: તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ.
ઈન્ટરવ્યુ તારીખ: ૨૦/૦૧/૨૦૨૫ રીપોર્ટીંગ સમય: ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક.
ઈન્ટરવ્યુનું સ્થળ: નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર-૩૬૨ ૧૩૫, તા.મેંદરડા, જી.જુનાગઢ, ગુજરાત. ફોન:(૦૨૮૭૭) ૨૮૫૫૪૧

માહિતી/જુના/જા.ખ./૮૦/૨૦૨૫